# જાગ્યો રે આત્મા આશ જાગી...

જાગ્યો રે આત્મા આશ જાગી, મુકિતના અમૃતની પ્યાસ જાગી,

અભિલાષ જાગી...૨

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે વૈભવ અળખામણાં લાગે

લાગે ખારો સંસાર, લાગે પ્યારો અણગાર

એને સંયમના પંથની લગની લાગી...

જાગ્યો રે આત્મા આશ જાગી...

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે બંધન સંસારના ત્યાગે

ત્યાગે સખીયોનો પ્યાર, ત્યાગે સઘળો પરિવાર

એણે વસ્ત્રાલંકારોની પ્રીત ત્યાગી...

જાગ્યો રે આત્મા આશ જાગી...

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે અંધારા દૂર દૂર ભાગે

ભાગે પાતકનો ભાર, ભાગે અવગુણની જાળ

એના મારગના કંટકો જાય ભાંગી...

જાગ્યો રે આત્મા આશ જાગી

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે સદગુરૂનો આશરો માંગે

માંગે કર્મોનો નાશ, માંગે શિવપુરનો વાસ

એણે ભવભવના દુ:ખમાંથી મુક્તિ માંગી...

જાગ્યો રે આત્મા આશ જાગી

મુકિતના અમ્રતની પ્યાસ જાગી,

અભિલાષ જાગી...

જાગ્યો રે આત્મા...